# સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા

# અને

# સામાજિક સંભાળ કાર્યકરોના નિયોક્તાઓ માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા

સપ્ટેમ્બર 2002

સામાજિક સંભાળ કાર્યકરોના નિયોક્તાઓ

**પ્રસ્તાવના**

આ દસ્તાવેજમાં સામાજિક સંભાળ કાર્યકરો અને સામાજિક સંભાળ કાર્યકરોના નિયોક્તાઓ માટે માન્ય કરાયેલી કાર્યપદ્ધતિની આચારસંહિતા વર્ણવેલી છે જેને અનુસરીને તેઓએ કામકાજ કરવું જોઇએ. આ પ્રસ્તાવના, જે સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતામાં પણ લખાયેલી છે, એ આચારસંહિતા શેના માટે છે અને એક સામાજિક સંભાળ કાર્યકર, નિયોક્તા, સેવા વાપરનાર કે સમાજના સદસ્ય તરીકે તમારે માટે એનો શું અર્થ છે એ સમજાવવાના હેતુથી લખાયેલી છે.

નોર્ધન આયર્લૅન્ડ સોશલ કેઅર કાઉન્સિલ, સ્કોટિશ સોશલ સર્વિસીસ કાઉન્સિલ, અને ધ કેઅર કાઉન્સિલ ફોર વેલ્સની સાથેસાથ ધ જનરલ સોશલ કેઅર કાઉન્સિલે પોતાનું કામકાજ 1 ઓક્ટોબર 2001 થી શરુ કર્યું. કાર્યપદ્ધતિની આચારસંહિતા વિકસાવવાની જ્વાબદારી કાઉન્સિલોની છે અને સામાજિક સંભાળ સેવાઓનું ધોરણ ઊંચું લાવવા આ આચારસંહિતા વિકસાવવામાં તેમણે સાથે મળીને કામ કર્યું છે.

નિયોક્તા અને કાર્યકરોની આચારસંહિતા આ દસ્તાવેજમાં એક સાથે પ્રદર્શિત કરવામાં આવી છે કારણ કે તે એકબીજાની પૂરક છે. તેમ જ ઉચ્ચ ધોરણો જાળવવા માટે જરુરી એવી નિયોક્તા અને કાર્યકરોની સહિયારી જ્વાબદારી દર્શાવે છે.

**આચારસંહિતા શું છે?**

સામાજિક સંભાળ કાર્યકરોના નિયોક્તાઓ માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા સામાજિક સંભાળ કાર્યકરોના નિયંત્રણ માટે જરુરી એવી નિયોક્તાઓની જ્વાબદારીઓ સૂચવે છે. આવું પહેલીવાર બન્યું છે કે આવા ધોરણો રાષ્ટ્રીય સ્તરે સ્થાપવામાં આવ્યા છે. આચારસંહિતાના મુજબ જરુરી છે કે નિયોક્તાઓ આચારસંહિતામાં સ્થાપિત ધોરણોનું અનુપાલન કરે, સામાજિક સંભાળ કાર્યકરોને ધોરણોના પાલન માટે સહાયતા પૂરી પાડે અને જ્યારે કાર્યકરો અંદાજિત આચારસંહિતાના ધોરણો જાળવવામાં નિષ્ફળ જાય ત્યારે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરે.

સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા વકતવ્યોની એક યાદી છે જે રોજિંદા કાર્યમાં સામાજિક સંભાળ કાર્યકરોને અનુસરવા માટેના વ્યવસાયિક વર્તન અને કાર્યપદ્ધતિના ધોરણનું વર્ણન કરે છે. ફરી, રાષ્ટ્રીય સ્તરે આ પ્રકારના ધોરણોની સ્થાપના પહેલીવાર જ કરવામાં આવી છે, આની પાછળનો ઇરાદો સામાજિક સંભાળના ધોરણો સુનિશ્ચિત કરવાનો અને નિયોક્તાઓ, સહકાર્યકરો, સેવા વાપરનારાઓ, સંભાળ લેનારાઓ અને જનસમુદાય તેમની પાસેથી શું ઇચ્છે છે એ વિશે કાયકર્તાઓને જાણ કરવાનો છે.

આચારસંહિતાનો ઇરાદો સારી કાર્યપદ્ધતિ દર્શાવવાનો છે અને એવી આશા રખાણી છે કે કાયકર્તાઓ અને નિયોક્તાઓ આચારસંહિતામાં સમાવિષ્ટ સમાન ધોરણોને ઓળખી શકશે, જેને સ્તરે પહોંચવાની મહત્ત્વાકાંશા તેઓ સેવે છે.

**આચારસંહિતાનો ઉપયોગ કેવી રીતે થશે?**

આચારસંહિતા યુકેના ચાર દેશોમાં સામાજિક સંભાળના નિયંત્રણની પદ્ધતિની સ્થાપના માટેનું પ્રથમ મહત્ત્વનું પગલું છે. સામાજિક સંભાળમાં કામ કરનારાઓની નોંધણી માટે કાઉન્સિલો જ્વાબદાર છે. આ નોંધપત્રક એક સાર્વજનિક યાદીની ગરજ પૂરી પાડશે જે દર્શાવશે કે જેમની જરૂરિયાતો પૂરી કરી છે અને સામાજિક સંભાળ કાર્યકરોની કાર્યપદ્ધતિ માટેની આચારસંહિતામા સ્થાપિત ધોરણોને અનુસરવા સંમત થયા છે.

ગેરવર્તણુકના કિસ્સાઓ માટે અને નોંધણી કરાયેલો કાર્યકર નોંધપત્રકમાં રહેશે એવા નિર્ણય માટે કાઉન્સિલ સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતામાં સમાવિષ્ટ ધોરણોની મદદ લેશે.

## આચારસંહિતાનો તમારે માટે શું અર્થ છે?

એક સામાજિક કાર્યકર તરીકે તમારી પાસે કાર્યરીતિના માર્ગદર્શન માટે જરૂરી માપદંડો હશે અને વર્તનના ક્યા ધોરણો સુધી પહોંચવાનું છે એ બાબતે તમે સ્પષ્ટ હશો. તમારી પોતાની કાયકરોને ચકાસવા માટે તમને આચારસંહિતાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

એક નિયોક્તા તરીકે તમે જાણશો કે કાર્યકરોના નિયંત્રણ માટે તમારે શું ભાગ ભજવવાનો છે અને ઉચ્ચ ગુણવત્તાની સામાજિક સંભાળ માટે તમારે શું સહાયતા કરવાની છે આચારસંહિતામાં સ્થાપિત ધોરણોને ધ્યાનમાં રાખીને તમારી કાર્યપદ્ધતિના ધોરણો અને નીતિઓની સમીક્ષા કરવા તમને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

સેવા વાપરનારા તરીકે અથવા જન સમુદાયના સભ્ય તરીકે તમને આચારસંહિતા દ્વારા એ સમજવામાં મદદ મળશે કે સામાજિક સંભાળ કાર્યકરે તમારી સમક્ષ કેવું વર્તન કરવું જોઇએ અને કેવી રીતે નિયોક્તાઓએ સામાજિક સંભાળ કાર્યકરોને તેમનું કાર્ય સારી રીતે કરવા સહાયતા કરવી જોઇએ.

## સામાજિક સંભાળ કાર્યકરોના નિયોક્તાઓ માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા

આ આચારસંહિતાનો હેતુ સામાજિક સંભાળ કાર્યકરોના નિયંત્રણ માટેની નિયોક્તાઓની જવાબદારીઓ સ્થાપિત કરવાનો છે. કાર્યકરોના નિયંત્રણનો હેતુ સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓના હિતોનું રક્ષણ કરવાનો અને તેને પ્રોત્સાહિત કરવાનો છે, આ આચારસંહિતાનો ઇરાદો હાલના નિયોક્તાઓની નીતિઓને બદલવાનો કે ફરીથી એની જ નકલ કરવાનો નથી પણ તેને પૂરક બનવાનો છે. અને એ કાયદા, જરૂરિયાત અને માર્ગદર્શનના બહોળા સમૂહનો એક ભાગ છે એ સુનિશ્ચિત કરવા કે તેઓ આચારસંહિતામાં સ્થાપિત ધોરણોને અનુસરે છે, ઉચ્ચ ગુણવત્તાની સેવાઓ આપે છે. આ સામાજિક સંભાળ સેવાઓમાં જન સમુદાયનો વિશ્વાસ અને શ્રદ્ધાને પ્રોત્સાહિત કરે છે.

## સ્થિતિ

સંભાળના ધોરણોના અમલ માટે ધ નેશનલ કેઅર સ્ટાન્ડર્ડસ કમિશન અને ધ સોશલ સર્વિસીસ ઈન્સ્પેકટોરેટ આ આચારસંહિતાનો ઉપયોગ કરશે.

સામાજિક સંભાળ કાર્યકરોના નિયંત્રણ માટે પોતાની જ્વાબદારીઓ પૂરી પાડવા માટે, સામાજિક સંભાળ કાર્યકરોએ નિમ્નલિખિત બાબતો ધ્યાનમાં લેવી અનિવાર્ય છે:

- લોકો કાર્યકર તરીકે જોડાવા માટે યોગ્ય છે અને તેમણે ભજ્વવાના ભાગ અને જ્વાબદારીઓ તેઓ સમજે છે એ સુનિશ્ચિત કરવું;
- જનરલ સોશલ કેઅર કાઉન્સિલના (GSCC) સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા મુજબ કાર્ય કરી શકે એ માટેની નીતિઓ અને કાર્યપદ્ધતિઓ લેખિતમાં છે;
- સામાજિક સંભાળ કાર્યકરોને વધુ સશકત કરવા અને તેમની આવડતો અને જ્ઞાનને વિકસાવવા તાલીમ અને વિકાસની તકો આપવી;
- જોખમકારક, ભેદભાવયુકત કે શોષણયુકત વર્તન અને કાર્યપદ્ધતિ વિરુદ્ધ કાર્યવાહી કરવા લેખિત નીતિઓ અને કાર્યપદ્ધતિઓ સ્થાપિત છે અને અમલમાં મુકાય છે; અને
- GSCCની કાર્યપદ્ધતિની આચારસંહિતાનો સામાજિક સંભાળ કાર્યકરો, સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓમાં પ્રચાર કરે અને GSCCની કાર્યવાહીમાં સહયોગ આપે.

1 એક સામાજિક સંભાળ નિયોકતા તરીકે તમારે એ સુનિશ્ચિત કરવું અનિવાર્ય છે કે લોકો કાર્યકર તરીકે જોડાવા માટે યોગ્ય છે અને તેમણે ભજ્વવાના ભાગ અને જ્વાબદારીઓ તેઓ સમજે છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો પણ સમાવેશ થાય છે:

1.1 નવી ભરતી અને પસંદગી માટેની સખત અને પૂર્ણ પ્રક્રિયા જે સુનિશ્ચિત કરે કે યોગ્ય જ્ઞાન અને આવડતો ધરાવનાર તેમ જ જેઓ સામાજિક સંભાળ સેવા આપવા યોગ્ય છે તેઓ કાર્યકર તરીકે દાખલ થાય છે;

1.2 ગુનાની યાદીઓ, સુસંગત રજિસ્ટર અને અનુક્રમણિકા તપાસવી અને ભરતી નક્કી કરતાં પહેલાં એવી આકારણી કરવી કે લોકો તેઓ જે કામ માટે પસંદ કરાયા છે તેની ફરજો પૂરી પાડવા સક્ષમ છે કે નહિં;

1.3 આધારભૂત સંદર્ભો શોધવા અને આપવા;

1.4 કર્મચારીઓને તેમના ભાગ અને જવાબદારીઓ સુસંગત કાયદા અને સંસ્થાની નીતિઓ અને કાર્યપદ્ધતિઓ કે જેમને કામમાં અનુસરવા અનિવાર્ય છે તેનાથી વાકેફ કરવા; અને

1.5 ઉચ્ચ ગુણવત્તાની સેવાઓ અને સંભાળ સુનિશ્ચિત કરવા કર્મચારીઓ અને સંસ્થાની કામગીરીનું વ્યવસ્થાપન કરવું.

2 એક સામાજિક સંભાળ નિયોકતા તરીકે તમારે એ સુનિશ્ચિત કરવું અનિવાર્ય છે કે સામાજિક સંભાળ કાર્યકરો જનરલ સોશલ કેઅર કાઉન્સિલના (GSCC) સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા મુજબ કાર્ય કરી શકે એ માટેની નીતિઓ અને કાર્યપદ્ધતિઓ લેખિતમાં છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો પણ સમાવેશ થાય છે:

2.1 ખાનગીપણું; સમાન તકો; જોખમ આકારણી; માદક દ્રવ્યનું સેવન; યાદી રાખવી; અને સેવા વાપરનારાઓ કે સંભાળ લેનારા પાસેથી પૈસા કે વ્યકિતગત ભેટ લેવા વિશે લેખિત નીતિઓ અમલમાં મૂકવી અને દેખરેખ રાખવી;

2.2 અસરકારક કાર્યપદ્ધતિ અને સારા વર્તન માટે કર્મચારીઓનું અસરકારક રીતે વ્યવસ્થાપન અને નિયંત્રણ કરવું અને કર્મચારીઓની કામગીરીમાં રહેલી ખામીઓ સુધારવા તેમને સહાય કરવી;

2.3 અપર્યાપ્ત સાધનસંપત્તિઓ કે કાર્ય સમયની મુશ્કેલીઓ કે જે સલામત સંભાળ આપવામાં બાધારૂપ હોય તેને સામાજિક સંભાળ કાર્યકરો જણાવી શકે એ માટે જરૂરી પદ્ધતિઓ સ્થાપિત કરવી અને તેમની સાથે કે જે સુસંગત સત્તાધીશો સાથે મળીને એને માટેનો માર્ગ શોધવો; અને

2.4 GSCCની સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતાના અનુકરણ માટે સામાજિક સંભાળ કાર્યકરોને સહાય કરવી અને એ આચારસંહિતાનો ભંગ થવાનું જોખમ હોય એવું કાંઇપણ એમની પાસે ન કરાવવું.

3 એક સામાજિક સંભાળ નિયોક્તા તરીકે તમારે સામાજિક સંભાળ કાર્યકરોને વધુ સશક્ત કરવા અને તેમની આવડતો અને જ્ઞાનને વિકસાવવા તાલીમ અને વિકાસની તકો આપવી અનિવાર્ય છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો પણ સમાવેશ થાય છે:

3.1 સામાજિક સંભાળ કાર્યકરોને તેમનું કામ અસરકારક રીતે કરવા તેમને તાલીમ અને વિકાસની તકો આપવી અને તેમને નવા અને બદલાતા કામના પ્રકાર અને જવાબદારીઓ માટે તૈયાર કરવા;

3.2 સામાજિક સંભાળ અને સામાજિક સંભાળ કાર્ય શિક્ષણ તેમ જ તાલીમ, અસરકારક કાર્યસ્થળ આકારણી અને અભ્યાસ દ્વારા શિક્ષણ માટે ફાળો આપવો;

3.3 GSCCની નોંધણી માટેની યોગ્યતા પરિમાણોને સંતોષવા અને તેને લગાતાર વ્યવસાયિક વિકાસ માટેની જરૂરિયાતોને પૂરી કરવા જે કર્મચારીઓના હોદ્દામાં નોંધણી આવશ્યક હોય તેમને સહાય કરવી; અને

3.4 જે સામાજિક સંભાળ કાર્યકરો તેમના કામના કોઇ ભાગને કરવા અસમર્થ હોવાનું કે સંપૂર્ણ તૈયાર ન હોવાનું અનુભવે તેમને જરૂરી સહાય કરવી.

4 એક સામાજિક સંભાળ નિયોકતા તરીકે તમારે જોખમકારક, ભેદભાવયુકત કે શોષણયુકત વર્તન અને કાર્યપદ્ધતિ વિરુદ્ધ કાર્યવાહી કરવા લેખિત નીતિઓ અને કાર્યપદ્ધતિઓ સ્થાપિત છે અને અમલમાં મુકાય છે એ સુનિશ્ચિત કરવું અનિવાર્ય છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો પણ સમાવેશ થાય છે:

4.1 સામાજિક સંભાળ કાર્યકરોને સ્પષ્ટ રીતે જણાવી દેવાનું કે ઠઠ્ઠા મશ્કરી કરવી, સતામણી કરવી કે કોઇપણ જાતની ભેદભાવપૂર્ણ વર્તણુક કરવી બિલ્કુલ ચલાવી નહિ લેવાય અને આવી વર્તણુંક સામે કાર્યવાહી કરવી;

4.2 જોખમકારક, ભેદભાવયુકત, અપમાનજનક કે શોષણયુકત વર્તણુક અને કાર્યપદ્ધતિઓનો અહેવાલ જણાવવા માટેની કાર્યપદ્ધતિઓ સ્થાપવી અને એવો પ્રચાર કરવો તેમ જ આવા અહેવાલો પર તરત જ, ખુલ્લી રીતે અસરકારક કાર્યવાહી કરવી.

4.3 સામાજિક સંભાળ કાર્યકરો, સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓની સમક્ષ એ સપષ્ટ કરવું કે કર્મચારીઓ તરફ હિંસા, ધમકીઓ કે અપમાન નહિ ચલાવી લેવાય અને હિંસાના જોખમને ઓછામાં ઓછુ કરવા અને હિંસાત્મક ઘટનાઓના વ્યવસ્થાપન માટે સ્પષ્ટ નીતિઓ અને કાર્યપદ્ધઓિ સ્થાપિત કરવી;

4.4 જે સામાજિક સંભાળ કાર્યકરો તેમનાં કામમાં ડર કે હિંસાનો અનુભવ કરે તો તેમને સહાય કરવી;

4.5 કર્મચારીઓના હિત માટે અને કાર્યકરોને સમાન તકો આપવા માટે લેખિત નીતિઓ અને કાર્યપદ્ધતિઓ રાખવી તેમ જ અમલમાં મૂકવી; અને

4.6 સેવા વાપરનારાની સંભાળ અને સુરક્ષાને અગ્રતા આપવા સાથે, એવા સામાજિક સંભાળ કાર્યકરોને અનુરૂપ સહાયતા આપવી જેમનું કામ ખરાબ તબિયત કે ડ્રગ્ઝ કે દારુના અવલંબનને લીધે અસર પામ્યું છે, અને તેઓ સારવાર મેળવે છે તે દરમિયાન તેમના કાર્યની મર્યાદા વિશે સ્પષ્ટ માર્ગદર્શન આપવું.

5 એક સામાજિક સંભાળ નિયોક્તા તરીકે તમારે GSCCની કાર્યપદ્ધતિની આચારસંહિતાનો સામાજિક સંભાળ કાર્યકરો, સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓમાં પ્રચાર કરવો અને GSCCની કાર્યવાહીમાં સહયોગ આપવો અનિવાર્ય છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો પણ સમાવેશ થાય છે:

5.1 સામાજિક સંભાળ કાર્યકરોને આ આચારસંહિતા વિશે તેમ જ તેનું અનુપાલન કરવાની તમારી જવાબદારી વિશે જણાવવું;

5.2 GSCCની સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા વિશે અને તેનું અનુપાલન કરવાની તેમની વ્યક્તિગત જવાબદારી વિશે જણાવવું;

5.3 સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓને આ આચારસંહિતા અને સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતાથી વાકેફ કરવા અને તમારી નીતિઓ દ્વારા કેવી રીતે બાબતો જણાવવી તેમ જ, જરૂરી હોય તો આચારસંહિતા બાબતમાં GSCCનો સંપર્ક સાધવા જણાવવું;

5.4 કાર્યકરોની વર્તણુકના બાબતમાં કોઇપણ નિર્ણય લેવા GSCCની સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતાનો ઉપયોગ કરવો;

5.5 નોંધણી કરાયેલા કોઇ સામાજિક સંભાળ કાર્યકરની ગેરવર્તણુક કે જે તેની નોંધણીને પડકારી શકે, તેના વિશે GSCCને માહિતી આપવી અને કાર્યકરને જણાવવું કે GSCCને અહેવાલ મોકલવામાં આવ્યો છે; અને

5.6 GSCCની તપાસ અને ચુકાદાઓમાં સહકાર આપવો અને શોધખોળ અને નિર્ણયોને અનુરૂપ કાર્યવાહી કરવી.

સામાજિક સંભાળ કાર્યકરો

**પ્રસ્તાવના**

આ દસ્તાવેજમાં સામાજિક સંભાળ કાર્યકરો અને સામાજિક સંભાળ કાર્યકરોના નિયોકતાઓ માટે માન્ય કરાયેલી કાર્યપદ્ધતિની આચારસંહિતા વર્ણવેલી છે જેને અનુસરીને તેઓએ કામ કરવું જોઇએ. આ પ્રસ્તાવના, જે સામાજિક સંભાળ કાર્યકરોના નિયોકતાઓ માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતામાં પણ લખાયેલી છે, એ આચારસંહિતા શેના માટે છે અને એક સામાજિક સંભાળ કાર્યકર, નિયોકતા, સેવા વાપરનાર કે સમાજના સદસ્ય તરીકે તમારે માટે એનો શું અર્થ છે એ સમજાવવાના હેતુથી લખાયેલી છે.

નોર્ધન આયર્લેન્ડ સોશલ કેઅર કાઉન્સિલ, સ્કોટિશ સોશલ સર્વિસીસ કાઉન્સિલ, અને ધ કેઅર કાઉન્સિલ ફોર વેલ્સની સાથેસાથ ધ જનરલ સોશલ કેઅર કાઉન્સિલે પોતાનું કામકાજ 1 ઓક્ટોબર 2001 થી શરૂ કર્યું. કાર્યપદ્ધતિની આચારસંહિતા વિકસાવવાની જવાબદારી કાઉન્સિલોની છે અને સામાજિક સંભાળ સેવાઓનું ધોરણ ઊંચું લાવવા આ આચારસંહિતા વિકસાવવામાં તેમણે સાથે મળીને કામ કર્યું છે.

નિયોકતા અને કાર્યકરોની આચારસંહિતા આ દસ્તાવેજમાં એક સાથે પ્રદર્શિત કરવામાં આવી છે કારણ કે તે એકબીજાની પૂરક છે. તેમ જ ઉચ્ચ ધોરણો જાળવવા માટે જરૂરી એવી નિયોકતા અને કાર્યકરોની સહિયારી જવાબદારી દર્શાવે છે.

**આચારસંહિતા શું છે?**

સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા વક્તવ્યોની એક યાદી છે જે રોજિંદા કાર્યમાં સામાજિક સંભાળ કાર્યકરોને અનુસરવા માટેના વ્યવસાયિક વર્તન અને કાર્યપદ્ધતિના ધોરણનું વર્ણન કરે છે. ઘણાં નિયોકતાઓના સ્થાનિક સ્તરે સ્થાપિત ધોરણો છે, પણ રાષ્ટ્રીય સ્તરે આ પ્રકારના ધોરણોની સ્થાપના પહેલીવાર જ કરવામાં આવી છે. આની પાછળનો ઇરાદો સામાજિક સંભાળના ધોરણો સુનિશ્ચિત કરવાનો અને નિયોકતાઓ, સહકાર્યકરો, સેવા વાપરનારાઓ, સંભાળ લેનારાઓ અને જનસમુદાય તેમની પાસેથી શું ઇચ્છે છે એ વિશે કાયકર્તાઓને જાણ કરવાનો છે.

સામાજિક સંભાળ કાર્યકરોના નિયોક્તાઓ માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા સામાજિક સંભાળ કાર્યકરોના નિયંત્રણ માટે જરૂરી એવી નિયોક્તાઓની જવાબદારીઓ સૂચવે છે. ફરી, આવું પહેલીવાર બન્યું છે કે આવા ધોરણો રાષ્ટ્રીય સ્તરે સ્થાપવામાં આવ્યા છે. આચારસંહિતાના મુજબ જરૂરી છે કે નિયોક્તાઓ આચારસંહિતામાં સ્થાપિત ધોરણોનું અનુપાલન કરે, સામાજિક સંભાળ કાર્યકરોને ધોરણોના પાલન માટે સહાયતા પૂરી પાડે અને જ્યારે કાર્યકરો અંદાજિત આચારસંહિતાના ધોરણો જાળવવામાં નિષ્ફળ જાય ત્યારે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરે.

આચારસંહિતાનો ઇરાદો સારી કાર્યપદ્ધતિ દર્શાવવાનો છે અને એવી આશા રખાણી છે કે કાયકર્તાઓ અને નિયોક્તાઓ આચારસંહિતામાં સમાવિષ્ટ સમાન ધોરણોને ઓળખી શકશે, જેને સ્તરે પહોંચવાની મહત્ત્વાકાંશા તેઓ સેવે છે.

## આચારસંહિતાનો ઉપયોગ કેવી રીતે થશે?

આચારસંહિતા યુકેના ચાર દેશોમાં સામાજિક સંભાળના નિયંત્રણની પદ્ધતિની સ્થાપના માટેનું પ્રથમ મહત્ત્વનું પગલું છે. સામાજિક સંભાળમાં કામ કરનારાઓની નોંધણી માટે કાઉન્સિલો જવાબદાર છે. આ નોંધપત્રક એક સાર્વજનિક યાદીની ગરજ પૂરી પાડશે જે દર્શાવશે કે જેમની જરૂરિયાતો પૂરી કરી છે અને સામાજિક સંભાળ કાર્યકરોની કાર્યપદ્ધતિ માટેની આચારસંહિતામા સ્થાપિત ધોરણોને અનુસરવા સંમત થયા છે.

ગેરવર્તણુકના કિસ્સાઓ માટે અને નોંધણી કરાયેલો કાર્યકર નોંધપત્રકમાં રહેશે એવા નિર્ણય માટે કાઉન્સિલ સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતામાં સમાવિષ્ટ ધોરણોની મદદ લેશે.

## આચારસંહિતાનો તમારે માટે શું અર્થ છે?

એક સામાજિક કાર્યકર તરીકે તમારી પાસે કાર્યરીતિના માર્ગદર્શન માટે જરૂરી માપદંડો હશે અને વર્તનના કયા ધોરણો સુધી તમારે પહોંચવાનું છે એ બાબતે તમે સ્પષ્ટ હશો. તમારી પોતાની કાયકરોને ચકાસવા માટે તમને આચારસંહિતાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

એક નિયોકતા તરીકે તમે જાણશો કે કાર્યકરોના નિયંત્રણ માટે તમારે શું ભાગ ભજ્વવાનો છે અને ઉચ્ચ ગુણવત્તાની સામાજિક સંભાળ માટે તમારે શું સહાયતા કરવાની છે આચારસંહિતામાં સ્થાપિત ધોરણોને ધ્યાનમાં રાખીને તમારી કાર્યપદ્ધતિના ધોરણો અને નીતિઓની સમીક્ષા કરવા તમને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

સેવા વાપરનારા તરીકે અથવા જન સમુદાયના સભ્ય તરીકે તમને આચારસંહિતા દ્વારા એ સમજ્વામાં મદદ મળશે કે સામાજિક સંભાળ કાર્યકરે તમારી સમક્ષ કેવું વર્તન કરવું જોઇએ અને કેવી રીતે નિયોકતાઓએ સામાજિક સંભાળ કાર્યકરોને તેમનું કાર્ય સારી રીતે કરવા સહાયતા કરવી જોઇએ.

## સામાજિક સંભાળ કાર્યકરો માટેની કાર્યપદ્ધતિની આચારસંહિતા

આ આચારસંહિતાનો હેતુ સામાજિક સંભાળ કાર્યકરો પાસેથી કેવી વર્તણુકની અપેક્ષા રખાય છે એ લેખિતમાં દર્શાવવા અને સેવા વાપરનારાઓ અને જન સમુદાયને તેઓ સામાજિક સંભાળ કાર્યકર પાસેથી કયા ધોરણની વર્તણૂકની અપેક્ષા રાખી શકે છે એ જણાવવાનો છે. એ કાયદા, કાર્યપદ્ધતિના ધોરણો અને સામાજિક સંભાળ કાર્યકરો અને નિયોકતાઓની નીતિઓ અને
કાર્યપદ્ધતિઓ જેનું અનુપાલન કરવું અનિવાર્ય છે એ સમુહનો એક ભાગ છે. સામાજિક સંભાળ કાર્યકરો તેમની આચારસંહિતામાં સ્થાપિત ધોરણોથી નિકટ સ્તરે જતી નથી એમજ તેમના દ્વારા કરવામાં આવતું કાર્ય કે બેદરકારી સેવા વાપરનારાને કોઇ રીતે નુકશાનકર્તા નથી એ સુનિશ્ચિત કરવા જ્વાબદાર છે.

સ્થિતિ

જનરલ સોશલ કેઅર કાઉન્સિલ સામાજિક સંભાળ કાર્યકરો આ આચારસંહિતાનું પાલન કરે એવી અપેક્ષા રાખે છે અને નોંધણી પામેલા કાર્યકરો જો આમ કરવામાં નિષ્ફળ જાય તો કદાચ તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી શકે છે.

સામાજિક સંભાળ કાર્યકરોના નિયોક્તાઓએ તેમના કર્મચારીઓની વર્તણુક બાબતે નિર્ણય લેવા માટે આ આચારસંહિતાને ધ્યાનમાં લેવી જરૂરી છે.

**સામાજિક સંભાળ કાર્યકરો માટે નિમ્નલિખિત બાબતો અનિવાર્ય છે:**

• સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓના અધિકારોનું રક્ષણ કરવું અને તેમના હિતો માટે મદદ કરવી;

• સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓમાં વિશ્વાસ અને શ્રદ્ધા સ્થાપવા અને ટકાવી રાખવા પ્રયત્ન કરવો;

• જોખમ કે ઈજાથી બને તેટલા સુરક્ષિત રાખી, સેવા વાપરનારાઓની તેમને સ્વતંત્ર થવા પ્રોત્સાહિત કરવા;

• સેવા વાપરનારાઓની વર્તણુક તેમને કે બીજાઓને નુકશાન ન પહોંચાડે એ ધ્યાનમાં રાખતા તેમના અધિકારોને માન આપવું;

• સામાજિક સંભાળ સેવાઓમાં જન સમુદાયનો વિશ્વાસ અને શ્રદ્ધા ટકાવી રાખવા; અને

• પોતાના કાર્યની ગુણવત્તા માટે તેમ જ પોતાનું જ્ઞાન અને આવડતો જાળવવાની અને સુધારવાની જવાબદારી લેવી.

1 એક સામાજિક સંભાળ કાર્યકર તરીકે તમારે સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓના અધિકારોનું રક્ષણ અને તેમના હિતો માટે મદદ કરવી અનિવાર્ય છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો સમાવેશ થાય છે:

1.1 દરેક માણસની એક અલગ વ્યકિત તરીકે ગણના કરવી;

1.2 સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓ બંનેના વ્યકિતગત દ્રષ્ટિકોણ તેમ જ ઇચ્છાઓને માન આપવું, અને યોગ્ય હોય ત્યાં પ્રોત્સાહન આપવું;

1.3 સેવા વાપરનારાઓના તેમના જીવનના નિયંત્રણના તેમ જ તેઓને મળનારી સેવાઓ વિશે જાણકારીપૂર્વક પસંદગી કરવાના અધિકારને ટેકો પૂરો પાડવો;

1.4 સેવા વાપરનારાઓના ગૌરવ અને એકાંતને માન આપવું અને જાળવવું;

1.5 સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓને સમાન તકો આપવી; અને

1.6 વિવિધતા અને વિવિધ સંસ્કૃતિઓને માન આપવું.

2 એક સામાજિક સંભાળ કાર્યકર તરીકે તમારે સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓમાં વિશ્વાસ અને શ્રદ્ધા સ્થાપવા અને ટકાવી રાખવા પ્રયત્ન કરવો અનિવાર્ય છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો સમાવેશ થાય છે:

2.1 પ્રમાણિક અને વિશ્વાસુ બનવું;

2.2 અનુરૂપ, નિખાલસ, ક્ષતિરહિત અને સીધે સીધી રીતે વાતચીત કરવી;

2.3 ખાનગી માહિતીને માન આપવું અને સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓને સંસ્થાની ખાનગી માાહિતી વિશેની નીતિઓ વિશે સ્પષ્ટ રીતે સમજાવવું;

2.4 ભરોસાપાત્ર અને ખાત્રીલાયક બનવું;

2.5 વચન બદ્ધતા, કરાર અને વ્યવસ્થાને માન આપવું અને, જ્યારે શકય ન હોય ત્યારે એની પાછળનું કારણ સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓને સમજાવવું;

2.6 હિતોમાં મતભેદ ઉભા કરી શકે એવી બાબતો જાહેર કરવી અને એ સુનિશ્ચિત કરવું કે એ તમારી કાર્યપદ્ધતિ કે નિર્ણયોને કોઇ રીતે અસર ન કરે; અને

2.7 સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓ પાસેથી પૈસા કે ભેટ સ્વીકારતી વખતે નીતિઓ અને પદ્ધતિઓને અનુસરવું.

3 એક સામાજિક સંભાળ કાર્યકર તરીકે તમારે સેવા વાપરનારાઓને જોખમ કે ઇજાથી બને તેટલા સુરક્ષિત રાખી, તેમને સ્વતંત્ર થવા પ્રોત્સાહિત કરવા અનિવાર્ય છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો સમાવેશ થાય છે:

3.1 સેવા વાપરનારાઓને સ્વતંત્ર બનવા પ્રોત્સાહિત કરવા અને તેમને પોતાના અધિકારો સમજવા અને ઉપયોગ કરવા સહાય કરવી;

3.2 જોખમકારક, અપમાનજનક, ભેદભાવયુકત કે શોષણયુકત વર્તન અને કાર્યપદ્ધતિને પડકારવા અને અહેવાલ આપવા સ્થાપિત પ્રક્રિયાઓ અને પદ્ધતિઓનો ઉપયોગ કરવો;

3.3 કામ દરમિયાન હિંસાત્મક અને અપમાનજનક વર્તણુકથી પોતાને અને બીજાને સુરક્ષિત રાખવા રચાયેલી કાર્યપદ્ધતિઓને અનુસરવું;

3.4 સુરક્ષિત સંભાળ આપવામાં નડતરરૂપ સાધનસંપત્તિ કે કાર્ય દરમિયાન મુશ્કેલીઓની જાણ નિયોકતા કે સુસંગત સત્તાધીશને કરવી;

3.5 તમારા સહકાર્યકરોનું કાર્ય જોખમકારક જણાય કે સંભાળના ધોરણોને અસર કરતું જણાય તો નિયોકતા કે સુસંગત સત્તાધીશને એની જાણ કરવી;

3.6 નિયોકતાની આરોગ્ય અને સુરક્ષા સંબંધિત નીતિઓનું, માદક દ્રવ્યોના સેવન સહિત, પાલન કરવું;

3.7 સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓને ફરિયાદ કરવામાં મદદ કરવી, ફરિયાદને ગંભીરતાથી લેવી અને તેનો પ્રત્યુત્તર આપવો કે જે સુસંગત વ્યક્તિને પહોંચાડવી; અને

3.8 સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓ સાથેના તમારા કામથી તમને મળનારી સત્તાને ઓળખવી અને જવાબદારીપૂર્વક વાપરવી.

4 એક સામાજિક સંભાળ કાર્યકર તરીકે તમારે સેવા વાપરનારાઓની વર્તણુક તેમને પોતાને કે બીજાઓને નુકશાન ન પહોંચાડે એ ધ્યાનમાં રાખતા તેમના અધિકારોને માન આપવું અનિવાર્ય છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો સમાવેશ થાય છે:

4.1 એ ઓળખવું કે સેવા વાપરનારાઓને જોખમ લેવાનો અધિકાર છે અને તેમના પરના અને બીજા પરના સંભવિત અને સાચા જોખમો ઓળખવા અને તેનાથી બચવા મદદ કરવી.

4.2 સેવા વાપરનારાની વર્તણુક તેમને કે બીજાને હાનિકર્તા છે કે નહિ એની આકારણી કરવા જોખમ આકારણી નીતિ અનુસરવી;

4.3 સેવા વાપરનારાઓને પોતાને કે બીજાને સંભવિત હાનિ પહોંચાડવાના જોખમ ઓછામાં ઓછા કરવા જરૂરી પગલાં ભરવા; અને

4.4 જોખમ આકારણીના પરિણામ વિશે સુસંગત સહકાર્યકરો અને સંસ્થાઓને માહિતી આપવામાં આવી છે એ સુનિશ્ચિત કરવું.

5 એક સામાજિક સંભાળ કાર્યકર તરીકે તમારે સામાજિક સંભાળ સેવાઓમાં જન સમુદાયનો વિશ્વાસ અને શ્રદ્ધા ટકાવી રાખવા અનિવાર્ય છે.

તમારે ખાસ કરીને નિમ્નલિખિત બાબતો ન કરવી જોઇએ:

5.1 સેવા વાપરનારાઓ, સંભાળ લેનારાઓ અને સહકાર્યકરોનું અપમાન, અવગણના કે એમને ઇજા;

5.2 કોઇપણ પ્રકારે સેવા વાપરનારાઓ, સંભાળ લેનારાઓ કે સહકાર્યરોનું શોષણ કરવું;

5.3 સેવા વાપરનારાઓ અને સંભાળ લેનારાઓનો દુરૂપયોગ કરવો અથવા તમને જાણ હોય એવી એમની અંગત કે માલમિલકત કે કાર્યસ્થળ વિશેની માહિતીનો દુરૂપયોગ કરવો;

5.4 સેવા વાપરનારાઓ સાથે અસંગત વ્યકિતગત સંબંધ બાંધવો;

5.5 સેવા વાપરનારાઓ, સંભાળ લેનારાઓ કે સહકાર્યકરો વિરુદ્ધ ગેરકાયદેસર કે કારણ વગર ભેદભાવ રાખવો;

5.6 સેવા વાપરનારાઓ, સંભાળ લેનારાઓ કે સહકાર્યકરો વિરુદ્ધ ગેરકાયદેસર કે કારણ વગરના ભેદભાવ તરફ દુર્લક્ષ કરવું;

5.7 પોતાને કે બીજાને જરૂરી ન હોય તેવા જોખમમાં મૂકવું; અને

5.8 એવી રીતે વર્તન કરવું, કે કામ દરમિયાન કે કામની બહાર સામાજિક સંભાળ સેવાઓ માટેની તમારી યોગ્યતાને પડકારી શકે.

6 એક સામાજિક સંભાળ કાર્યકર તરીકે તમારે પોતાના કાર્યની ગુણવત્તા માટે તેમ જ પોતાનું જ્ઞાન અને આવડતો જાળવવાની અને સુધારવાની જ્વાબદારી લેવી અનિવાર્ય છે.

આમાં નિમ્નલિખિત બાબતોનો સમાવેશ થાય છે:

6.1 કાર્યપદ્ધતિના સુસંગત ધોરણોને અનુસરવા અને કાયદેસર, સુરક્ષિત અને અસરકારક રીતે કામ કરવું;

6.2 તમારા કાર્ય માટે સ્થાપિત પદ્ધતિઓની જરુરિયાત મુજબ સ્પષ્ટ અને ક્ષતિરહિત યાદી જાળવવી;

6.3 તમારું કાર્ય અસરકારક રીતે કે સુરક્ષિત રીતે કરવાની તમારી ક્ષમતાને ખલેલ પહોંચાડે એવી કોઇપણ વ્યકિતગત મુશ્કેલી વિશે તમારા નિયોકતા કે સુસંગત સત્તાધીશને જાણ કરવી;

6.4 જો તમારા કાર્યના કોઇ ભાગને કરવા તમે પોતે અસમર્થતા અનુભવો કે તેને માટે પૂરી રીતે તૈયાર ન હો અથવા તમે કોઇ કામમાં આગળ કેવી રીતે વધવું એ વિશે મુંઝવણ અનુભવતા હો તો તમારા નિયોકતા કે સુસંગત સત્તાધીશની સહાયતા લેવી;

6.5 સહકાર્યકરો જોડે નિખાલસતાથી અને સહયોગ આપીને કામ કરવું અને તેમને માન આપવું;

6.6 એ જાણવું કે તમે બીજાને સોંપેલ કામ માટે તમે સ્વયં જવાબદાર છો;

6.7 બીજી સંસ્થાઓનાં કાર્યકરોના કાર્ય અને કુશળતાને ઓળખવી અને માન આપવું અને તેમને સહયોગ આપી કામ કરવું; અને

6.8 પોતાના જ્ઞાન અને કુશળતાને જાળવવા અને સુધારવા સુસંગત તાલીમ લેવી અને બીજાના શિક્ષણ અને વિકાસમાં ફાળો આપવો.

General Social Care Council

Goldings House

2 Hay’s Lane

London

SE1 2HB

020 7397 5100

www.gscc.org.uk

© Copyright General Social Care Council 2002